પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧૩ | ૨૪ જાન્યુઆરી, ૨૦૧૮, બુધવાર ; મહા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પાક. પ્રધાનમંત્રી શાહીદખાન દાવોસ જશે

દાવોસ ખાતે આરંભાયેલ વિશ્વ આર્થિક મંચની બેઠકમાં હાજરી આપવા પાકિસ્તાનના પ્રધાનમંત્રી શાહિદખાન અબ્બાસી બુધવારે દાવોસ પહોંચશે.

### દિપીકાને હાઈ સીક્યોરીટી



વિવાદાસ્પદ બનેલ પદ્માવત ફિલ્મની મુખ્ય અભિનેત્રી દિપીકા પાદુકોણ સિદ્ધિ વિનાયકના દર્શને ગયા હતા ત્યારે તેમને હાઈ સીક્યોરીટી અપાઈ હતી.

### અલાસ્કામાં સુનામીની ચેતવણી

અલાસ્કાના ચિનિયાક ખાતે આવેલા ૮.૧ની તીવ્રતાવાળો ભૂકંપ બાદ અહીંના દરિયાકિનારે સુનામીની ચેતવણી આપવામાં આવી છે.

### આર્થિક અસમાનતા મુદ્દે રાહુલ ગાંધીએ પ્રશ્નો કર્યા

દાવોસમાં ચાલી રહેલી વર્લ્ડ ઈકોનોમી કોન્ફરન્સમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલી સ્પીચ સામે રાહુલ ગાંધીએ અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. તેઓએ પ્રશ્ન પુછ્યો છે કે દેશની ૧ ટકા વસ્તી પાસે કેમ ૭૩ ટકા સંપત્તિ છે.

# સમૃદ્ધિ સાથે શાંતિ ભારતમાં મળશે : મોદી

**દાવોસ વિશ્વ આર્થિક મંચમાં મોદી છવાયા : સમૃદ્ધિની સાથે શાંતિ, હેલ્થની સાથે સમગ્રતા ઇચ્છો છો તો ભારત આવવાની જરૂર છે : વિશ્વ સમક્ષ ૩ પડકારો ક્લાઇમેટ ચેંજ, ત્રાસવાદ, સંરક્ષણવાદ છે**



દાવોસ,તા. ૨૩

વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ઉદ્‌ઘાટન ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુનિયાના પડકારોને રજૂ કર્યા હતા અને આનો સામનો કરવા માટે વિકલ્પો પણ રજૂ કર્યા હતા. ક્લાઈમેટ ચેંજ, આતંકવાદ અને સંરક્ષણવાદ દુનિયાની સામે ત્રણ સૌથી મોટા પડકાર છે તેમ કહેતા મોદીએ નામ લીધા વગર દુનિયાની મોટી તાકાતોની ઝાટકણી કાઢી હતી. મોદીએ સારા અને ખરાબ આતંકવાદને લઈને અમેરિકા અને પશ્ચિમી દેશોની ઝાટકણી કાઢી હતી. સંરક્ષણવાદને લઈને અમેરિકાની પરોક્ષરીતે ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે, ભારત અન્ય કોઈ દેશની જમીન ઉપર નજર રાખતું નથી. મોદીએ આ વાત કરીને ચીનની પણ પરોક્ષરીતે ઝાટકણી કાઢી હતી.

મોદીએ દુનિયાની દરારો અને અંતરોને ઘટાડવા માટે શાસ્ત્રો, ગૌત્તમ બુદ્ધ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વિચારોનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ દુનિયાને ભારતમાં રોકાણ કરવા માટે અપીલ કરી હતી અને કહ્યું હતું કે, ખુબ સારા સ્વાસ્થ્ય, નાણા અને સમૃદ્ધિ માટે ભારતમાં આવવાની જરૂર છે. મોદીએ વર્ષ ૧૯૯૭માં પૂર્વ વડાપ્રધાન દેવગૌડાની દાવોસ યાત્રાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

# એનડીએમાં ભંગાણ શિવસેનાએ છેડો ફાડ્યો

**લોકસભા અને વિધાનસભામાં ગઠબંધનનો ઇન્કાર : છેલ્લા બે દશકથી એનડીએના સાથી પાર્ટી તરીકે રહેલી શિવસેનાએ જાહેરાત કરી**




મુંબઈ,તા. ૨૩

કેન્દ્રમાં સત્તારુઢ થયેલી એનડીએને લોકસભાની ચૂંટણી પહેલા મોટો ફટકો પડી ગયો છે. શિવસેનાએ એનડીએને મોટો ફટકો આપી દીધો છે. શિવસેનાએ આજે જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૧૯ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં તે ભાજપની સાથે મળીને ચૂંટણી લડશે નહીં. શિવસેના મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં ભાજપના સાથી પક્ષ તરીકે છે. મહારાષ્ટ્રના બંને પક્ષોની ગઠબંધન સરકાર છે. કારોબારીની બેઠકમાં શિવસેના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, તેમની પાર્ટી હિન્દુત્વના રક્ષણ માટે દરેક રાજ્યમાં ચૂંટણી લડશે.

● અનુસંધાન પાન-૭ પર

# સેંસેક્સે ૩૬૦૦૦ની સપાટી કુદાવી

**સેંસેક્સ ૩૪૨ પોઇન્ટ ઉછળીને ૩૬૧૪૦ની ઉંચી સપાટી ઉપર : નિફ્ટી ૧૧૮ પોઇન્ટ ઉછળીને પ્રથમ વખત ૧૧૦૦૦થી પણ પરની સપાટીએ : ઇન્ટરનેશનલ મોનિટરી ફંડના અહેવાલ અને અન્ય પરિબળોની સીધી અસર**

મુંબઈ,તા. ૨૩

શેરબજારમાં નવો ઈતિહાસ રચાઈ ગયો હતો. જોરદાર તેજી વચ્ચે એનએસઈ નિફ્ટીએ આજે ૧૧૦૦૦ની સપાટ કુદાવી લીધી હતી. જ્યારે સેંસેક્સે પ્રથમ વખત ૩૬૦૦૦ન સપાટ કુદાવી લીધ હતી. આજે શેરબજારમાં તેજીના માહોલમાં સેંસેક્સ ૩૪૨ પોઈન્ટ ઉછળીને ૩૬૧૪૦ની ઉંચ સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૧૮ પોઈન્ટ ઉછળીને ૧૧૦૮૪ની ઉંચી સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં તેજી માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા દર્શાવવામાં આવ્યુ છે કે ભારત વર્ષ ૨૦૧૮-૧૯માં વિશ્વના સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર તરીકે રહેશે. તેના અહેવાલ બાદ શેરબજારમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. શેરબજારમાં કારોબાર દરમિયાન મોટા ભાગના શેરમાં તેજી રહી હતી. વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ બજેટ પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ


● અનુસંધાન પાન-૭ પર

# આનંદીબેન પટેલે એમપીના રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કર્યા

**હાઇકોર્ટના ચીફ જસ્ટીસે હોદ્દા-ગુપ્તતાના શપથ લેવડાવ્યા**

ભોપાલ,તા. ૨૩

ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે આજે મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે શપથ લીધા હતા. મધ્યપ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ હેમંત ગુપ્તાએ ભોપાળમાં રાજભવન ખાતે આયોજિત



ભવ્ય કાર્યક્રમમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચૌહાણ અને તેમની કેબિનેટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શપથવિધિના એક દિવસ પહેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અમદાવાદથી ભોપાલ ચાર્ટર બસ મારફતે પહોંચ્યા હતા. હજુ સુધી ગુજરાતના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે વધારાનો હવાલો સંભાળી રહ્યા હતા. ભારતના રાષ્ટ્રપતિએ મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે આનંદીબેન પટેલની નિમણૂંક કરી હતી. આ અંગેની જાહેરાત ૧૯મી જાન્યુઆરીના દિવસે કરવામાં આવી હતી. ૭૬ વર્ષીય આનંદીબેન ૨૦૧૪થી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે હતા. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની નિમણૂંક કરાયા બાદ આનંદીબેન મુખ્યમંત્ર બન્યા હતા પરંતુ તેઓએ ગુજરાતમાં ચૂંટણીના થોડાક સમય પહેલા રાજીનામુ આપ્યું હતું અને તેમની જગ્યાએ મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીની નિમણૂંક કરાઈ હતી. તમામે તેમને શુભેચ્છા પણ પાઠવી હતી. આનંદીબેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા બાદ હાલમાં જ ગુજરાત સરકાર તરફથી ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આનંદીબેનનુ સન્માન પણ કરવામાં આવ્યુ હતુ.આનંદીબેન જુદા જુદા હોદ્દા પર સફળ કામગીરી અદા કરી ચુક્યાછે.

### આનંદીબેન મહાકાલ મંદિરમાં પૂજા કરી

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેનો હવાલો સંભાળતા પહેલા ઉજ્જૈનમાં ગયા હતા. મધ્યપ્રદેશ જવા માટે અમદાવાદથી ભોપાલ માટે ચાર્ટડ બસ પકડી હતી. તેઓ ઉજ્જૈનમાં વચ્ચે રોકાયા હતા અને વિશ્વપ્રસિદ્ધ મહાકાલ મંદિરમાં પૂજા કરી હતી.

# પદ્માવત ફિલ્મ સામેનો વિરોધ યથાવત

**તીવ્ર વિરોધ જારી રાખવાની કાલવીની ઘોષણા : ફિલ્મ નિહાળવાનો કરણી સેનાના અધ્યક્ષનો સ્પષ્ટ ઇન્કાર : સંજય લીલા વિશ્વાસઘાત-ગેરમાર્ગે દોરવાનું કામ કરી રહ્યા હોવાનો આક્ષેપ : ફિલ્મને રજૂ કરાશે તો ગંભીર પરિણામો આવશે : કાલવીની સ્પષ્ટ ચેતવણી**

નવી દિલ્હી,તા. ૨૩

ભારે ચર્ચા જગાવી રહેલી વિવાદાસ્પદ ફિલ્મ પદ્માવતની રજૂઆતને લઈને સુપ્રીમ કોર્ટે મંજુરી આપી હોવા છતાં હજુ પણ સંકટના વાદળો ઘેરાયેલા છે. કારણ કે, રાજપૂત કરણી સેના અને અન્ય રાજપૂત સંસ્થાઓએ આની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. રાજપુત કરણી સેનાના અધ્યક્ષ લોકેન્દ્રસિંહ કાલવીએ પદ્માવત ફિલ્મ નિહાળવાનો હવે ઈન્કાર કરી દીધો છે. સોમવારના દિવસે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ સાથે વાતચીત કર્યા બાદ કાલવીએ કહ્યુ હતુ કે તેઓ પદ્માવત ફિલ્મ નિહાળવા માટે તૈયાર છે. પરંતુ સંજય લીલા ભણશાળીએ ફિલ્મ દર્શાવવા માટે તારીખ દર્શાવી નથી. પરંતુ આજે કાલવીએ તેમનુ નિવેદન બદલી નાંખ્યુ હતુ અને કહ્યુ હતુ કે તેઓ ફિલ્મ નિહાળનાર નથી. કાલવીએ એક ખાનગી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે ભણશાળી

● અનુસંધાન પાન-૭ પર



# ફિલ્મ રજૂ નહીં કરવાની માંગ કરતી અરજીને સુપ્રીમે ફગાવી

નવીદિલ્હી, તા. ૨૩

ફિલ્મ પદ્માવતની ટીમ માટે આજે રાહતનો દિવસ રહ્યો હતો. કારણ કે, સુપ્રીમ કોર્ટે રાજસ્થાન અને મધ્યપ્રદેશ સરકારની ફિલ્મને રોકવા માટે દાખલ કરવામાં આવેલી ફેર વિચારણા અરજીનો ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, પોતાના આદેશમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે, તમામ રાજ્યોએ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશનું પાલન કરવું જોઈએ. આનું પાલન કરવાની બાબત રાજ્ય સરકારોની જવાબદારી છે. રાજસ્થાન સરકાર તરફથી રજૂઆત કરવા પહોંચેલા એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, અમે માત્ર આદેશમાં ફેરફાર કરવાની માંગ કરી રહ્યા છીએ. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં ત્રણ જજની બેંચે કહ્યું હતું કે, લોકોને આ સમજી લેવાની જરૂર છે કે આ એક બંધારણીય સંસ્થા છે. આ સંબંધમાં આદેશ જારી કરી દેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરતી વેળા આકરી પ્રતિક્રિયા આપી હતી. ત્રણ જજની બેંચે કહ્યું હતું કે, રાજ્યો દ્વારા બિનજરૂરીરીતે સમસ્યાઓ ઉભી કરવામાં આવી રહી છે. આના માટે રાજ્ય સરકારો જવાબદાર છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે તમામ પગલા લેવામાં આવે તે જરૂરી છે. પદ્માવતની રજૂઆતની મંજુરી આપવાના પોતાના આદેશમાં કોઈ સુધારો કરવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કર્યો હતો. ગુજરાત, હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યો દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે ફિલ્મની રજૂઆતને લીલીઝંડી આપી હતી. ૨૫મી જાન્યુઆરીથી દેશભરમાં આ ફિલ્મ રજૂ થવા જઈ રહી છે.




# વિભાવરીબેન દવેનો લંડનની હોટલમાં આબાદ બચાવ

લંડન, તા.૨૩

લંડન ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય એજ્યુકેશન કોન્ફરન્સમાં ભાગ લેવા પહોંચેલ રાજ્યના મહિલા મંત્રી વિભાવરીબેન દવે ગેસ લીકેઝ ઘટનામાં માંડ માંડ બચ્યા હતા.

ગઈકાલે મોડીરાત્રે લંડન સ્થિત હોટલ અંબાના કેસીન ક્રોસ વિસ્તારમાં ગેસ લીકેઝ થતાં ભારે અફડાતફડી મચી હતી. ગુજરાતના મહિલા મંત્રી વિભાવરીબેન દવે અને અન્ય ચાર રાજ્યના પ્રતિનિધિઓ પણ દોડાદોડી કરી સહીસલામત રીતે બહાર નિકળવામાં સફળ રહ્યા હતા.

વિભાવરીબેનના પોસપોર્ટ સહિત તમામ લગેજ હોટલમાં રહી જતા ભારે સમસ્યા સર્જાઈ હતી. જોકે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ ભારત સરકાર દ્વારા યુકેના વહીવટી તંત્રને જાણ કરતા વિભાવરીબેન સહીસલામત રીતે ભારત પરત ફરી શકશે. બીજા દિવસે એજ્યુકેશન કોન્ફરન્સ મોકુફ રખાઈ હતી. સમગ્ર વિસ્તારનો રેલ વ્યવહાર પણ બંધ કરાયો હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય